MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829(Online)
International Peer Reviewed and Referred E-Journal
ISSN: 2583-9829, Volume: 02, Issue: 03, June 2024

# પશુપાલકોના આર્થિક વિકાસમાં સહકારી ડેરી ઉદ્યોગ ની ભૂમિકા

સંશોધક - જ્યોત્સનાબેન એમ પટેલ
ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
જુનાગઢ

ભારતની અર્થવ્યવસ્થાના વિકાસમાં ઉદ્યોગને કાચો માલ પૂરો પાડવામાં ખેતી અને પશુપાલન મહત્વનો ભાગ ભજવી રહ્યા છે. પશુપાલન ક્ષેત્રે દૂધ ઉત્પાદન એ દેશની આર્થિક વ્યવસ્થા ના વિકાસમાં એક આગવું સ્થાન ધરાવે છે. ભારત ગામડાઓનો બનેલો દેશ છે. શહેરીકરણની સરખામણીએ હજુ પણ ભારતની મોટાભાગની વસ્તી ગામડામાં વસે છે. ગ્રામ્ય વિસ્તારના લોકોનો સામાજિક - આર્થિક વિકાસ એ ખેતી અને પશુપાલન થકી જ શક્ય બન્યું છે. ભારતમાં સૌપ્રથમ ડેરી ઉદ્યોગ ખાનગી ક્ષેત્ર દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો. 1945માં મુંબઈમાં દૂધની અછત સર્જાઈ હતી. આ અછતને દૂર કરવાના આશય થી એક યોજના અમલમાં મૂકવામાં આવી. આ યોજનામાં અમૂલ ડેરી દ્વારા ચલાવતા પોલસન ને મુંબઈને દૂધ તેમજ દૂધની બનાવટોની જરૂરિયાત પૂરી પાડવાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો. તેથી ખેડા જિલ્લામાં પોલસન ને દૂધ ખરીદવાનો ઇજારો પ્રાપ્ત થયો. જેમાં પોલસન દ્વારા પશુપાલકોનું શોષણ થવા લાગ્યું. દૂધ વ્યવસાય હરિફાઈ ના લીધે પશુપાલકોને વ્યાજબી ભાવો ન મળતા, તેમજ તેમનું દૂધના વ્યવસાયમાં વચેટિયાઓ દ્વારા પણ શોષણ થતું હતું. આ સમસ્યાઓને દૂર કઈ રીતે કરી શકાય તે માટે ખેડૂતો, પશુપાલકો, અગ્રણીઓ અને સામાજિક કાર્યકર્તાઓ ખૂબ જ ચિંતિત હતા.

**સહકારી ધોરણે ડેરી ઉદ્યોગ ની સ્થાપના** - ઇ.સ.1945 માં સરદાર પટેલને ખેડા જિલ્લાના સામાજિક કાર્યકરોએ પત્ર દ્વારા જણાવેલું કે જો પશુપાલકોની આર્થિક સ્થિતિ સુધારવી હોય તો સહકારી ધોરણે ડેરી ઉદ્યોગ ની સ્થાપના કરવી પડશે. તેમજ 1946 માં મોરારજી દેસાઈના અધ્યક્ષપણા હેઠળ ખેડા જિલ્લામાં સહકારી ધોરણે ડેરી શરૂ કરવાનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. જેમાં હવેથી મુંબઈ દૂધ મોકલવું નહીં અને દૂધ મંડળીઓની સ્થાપના કરવી. ખેડા જિલ્લામાં સહકારી દૂધ ઉત્પાદક સંઘ શરૂ થયા પછી ખેડા જિલ્લાના નાના ગામડાઓમાં પણ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની સ્થાપના થવા લાગી. 1946 માં અમુલ ની સ્થાપના કર્યા પછી પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની રચના કરવાની કામગીરી અમુલના તે સમયના ચેરમેન શ્રી ત્રિભુવનદાસ પટેલે લીધી હતી. તેઓ દરેક ગામડે જઈને પશુપાલકોને દૂધ મંડળીના લાભ સમજાવતા હતા. ગામડાઓમાં દૂધ ઉત્પાદક મંડળીઓની સ્થાપના માટે લોકજાગૃતિ દ્વારા દૂધ મંડળીઓ શરૂ કરવાના વિચારો ફેલાવ્યા. ખેડા જિલ્લામાં દૂધ ઉત્પાદક સહકારી સંઘ દ્વારા 1948 થી કામગીરી શરૂ કરવામાં આવી. અમુલ બ્રાન્ડ થી પ્રખ્યાત થયેલી આણંદની આ ડેરી સમગ્ર દેશમાં શ્વેત ક્રાંતિ ની એક મિસાલ બની ગઈ. સહકારી ધોરણ ડેરીઓની સ્થાપના કરવી, તેને ચલાવવી, જરૂરી ટેકનીકલ જાણકારી પૂરી પાડવી, નિષ્ણાંતોની વ્યવસ્થા તેમજ કાર્યકરોને જરૂરી તાલીમ આપવી એ અમૂલનો મુખ્ય કાર્યક્ષેત્ર રહ્યું છે. ભારતના અન્ય દુધ ઉત્પાદકોએ પણ અમૂલની આ સફળતાથી પ્રેરાઈને અગાઉ દેશમાં બનાવવામાં નહોતી આવતી તેવી દૂધ ની બનાવટનું ઉત્પાદન શરૂ કર્યું.

**રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ (N.D.D.B)-** 1965 માં આણંદ ડેરીને નમુના રૂપ લઈને તેના જેવી જ ડેરીઓ ભારતના અન્ય ભાગોમાં ઊભી કરવાના ભાગરૂપે રાષ્ટ્રીય ડેરી વિકાસ નિગમની સ્થાપના કરવામાં આવી. જેનો મુખ્ય હેતુ સમગ્ર રીતે દૂધના ઉત્પાદનને વધારવું, દૂધ એકત્ર કરવું, તેના પર યોગ્ય પ્રક્રિયા કરી બજારમાં વેચવા યોગ્ય બનાવવું, જે તે સમયે ટેકનીકલ જાણકારી ની જરૂર હોય તેની સેવાઓ આપવી, ડેરી અને તેને સંબંધિત વ્યવસ્થા માટે સલાહ સૂચન સેવાઓ તેમજ એન્જિનિયરિંગ ને લગતી વિશિષ્ટ સેવાઓ વગેરે નો સમાવેશ થતો હતો.

**ઓપરેશન ફ્લડ યોજના-** ભારત સરકારે વિશ્વ ખોરાક કાર્યક્રમ ની સહાયથી દૂધ બજાર તથા ડેરી વ્યવસાયના વિકાસ માટે એક સહાય યોજના તૈયાર કરી જેને ઓપરેશન ફ્લડ તરીકે ઓળખાય છે. 1970 માં આ સહાય યોજના શરૂ કરવામા આવી. જેનો મુખ્ય ધ્યેય વિદેશો કે જ્યાં ડેરી વિકાસ સહકારી ક્ષેત્રે થયો છે તે રાજ્યની સહાય દ્વારા ભારતના ગામડાઓમાં દૂધનું વધુ ઉત્પાદન થાય, અને મોટા જથ્થામાં ઉત્તમ ગુણવત્તા વાળું દૂધ મળી રહે તેમજ દૂધમાંથી આડપેદાશો પણ મળી રહે તે હતો.

**યોજનાના હેતુઓ -**

1. રાજ્યના મોટાભાગના શહેરો તથા અન્ય ભાગોમાં સહકારી ધોરણે વ્યાજબી ભાવે દૂધ ઉપલબ્ધ કરવું.

2. દૂધ સંરક્ષણ, બજાર તથા પરિવહન અંગેની વ્યવસ્થા ગોઠવવી, શહેર અને ગ્રામીણ પ્રજાને શુદ્ધ સસ્તુ આરોગ્યપ્રદ દૂધ મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવી.

3. દુધાળ ગાયો અને ભેંસોની દૂધ ઉત્પાદન ક્ષમતામાં વૃદ્ધિ કરી તેનું યોગ્ય જતન કરવું.

4. શંકર સંવર્ધનથી વધુ દુધાળા જાનવરોની ઉત્પત્તિ કરવી, જેથી દૂધ ઉત્પાદન ક્ષમતા વધતા દૂધ ઉત્પાદનમાં વધારો થાય.

5. વધુ દૂધ ઉત્પાદન આપે તેવો સારી જાતનો ઘાસચારો અને સમતોલ પશુ આહાર ઉપલબ્ધ કરવો.

6. દૂધના એકત્રીકરણ પછી તેની બજાર વ્યવસ્થા અને વધારાના દૂધમાંથી આડ પેદાશો ઊભી કરવી.

7. સરકારશ્રીની પશુ સંવર્ધનની નીતિ અનુસાર સંવર્ધન કાર્યક્રમ માં સફળતા મળે તેવા તમામ પગલાં હાથ ધરવા જેનાથી બિન ઉત્પાદક પશુઓની ઉત્પત્તિ ઘટે અને ઉત્પાદક દુધાળા પશુઓની સંખ્યામાં વધારો થાય.

**ગુજરાત રાજ્યમાં આવેલ દૂધ ઉત્પાદક સંઘ-** ગામડામાં આવેલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી તેમજ જિલ્લા કક્ષાએથી સંઘ દ્વારા દૂધ એકત્ર કરી તેને શીતકેન્દ્રમાં જાળવવાની વ્યવસ્થા ગોઠવાઈ છે. જેથી લાંબા અંતરેથી આવતા દૂધનો બગાડ ન થાય. આવી અનેક સમસ્યાના નિરાકરણની કામગીરી સંઘ દ્વારા કરવામાં આવે છે. ગુજરાત ના જિલ્લાઓમાં આવેલ દૂધ ઉત્પાદક સંઘ અને તેની સ્થાપના વિગતો નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

| ક્રમ | સંઘ / ડેરી | જિલ્લા | સ્થાપના |
|---|---|---|---|
| 1 | ખેડા સહકારી જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લિ. - અમુલ ડેરી | આણંદ | 1946 |
| 2 | સુરત જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. - સુમુલ ડેરી | સુરત | 1951 |
| 3 | મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. - દૂધસાગર ડેરી | મહેસાણા | 1960 |
| 4 | બરોડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. - સુગમ ડેરી | બરોડા | 1957 |
| 5 | રાજકોટ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લિ. - ગોપાલ ડેરી | રાજકોટ | 1961 |
| 6 | સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. - સાબર ડેરી | સાબરકાંઠા | 1964 |
| 7 | બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. - બનાસ ડેરી | પાલનપુર | 1969 |
| 8 | ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. - મધુર ડેરી | ગાંધીનગર | 1971 |
| 9 | ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિ. | આણંદ | 1973 |
| 10 | સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. - સુરસાગર ડેરી | સુરેન્દ્રનગર | 1975 |
| 11 | ભરૂચ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. - દૂધધારા ડેરી | ભરૂચ | 1976 |
| 12 | વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. - વસુંધરા ડેરી | નવસારી | 1977 |
| 13 | પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.- પંચામૃત ડેરી | ગોધરા | 1977 |
| 14 | અમદાવાદ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. - ઉત્તમ ડેરી | અમદાવાદ | 1985 |
| 15 | વિદ્યા ડેરી | આણંદ | 1994 |
| 16 | ભાવનગર જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. - સર્વોત્તમ ડેરી | ભાવનગર | 2004 |
| 17 | જુનાગઢ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. - જુનાગઢ ડેરી | જુનાગઢ | - |
| 18 | અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. - અમર ડેરી | અમરેલી | 2007 |
| 19 | કચ્છ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. - સરહદ ડેરી | અંજાર | 2009 |
| 20 | પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. - સુદામા ડેરી | પોરબંદર | 2013 |

જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ દ્વારા દૂધ ઉત્પાદકોના હિતમાં અનેક સેવાઓ આપે છે. આ સેવાઓ પશુપાલકો ઓછા ખર્ચે ઘરે બેઠા મેળવી શકે છે. જેથી દૂધ ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવામાં પશુપાલકોને પ્રોત્સાહન મળે છે. ગુજરાતમાં ગ્રામીણ ક્ષેત્રે દૂધ ઉત્પાદનના જીવન ધોરણના વિકાસ સાથે આર્થિક વિકાસમાં પણ ડેરી ઉદ્યોગિક ક્રાંતિ લાવવામાં અગત્યની ભૂમિકા ભજવે છે. 15994 થી વધુ સહકારી દૂધ ઉત્પાદક મંડળીઓ કાર્યરત છે. જેમાં 1809 મંડળીઓ મહિલા સંચાલિત છે. સમાજમાં મહિલાઓના ઉત્કર્ષ અને તેમની સ્વાવલંબી બનાવવામાં, વહીવટી કામગીરીમાં સાંકળવામાં અને નિર્ણયો લેવામાં સક્ષમ બનાવવામાં પણ આ પ્રવૃત્તિ એ ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવેલ છે.

**ગુજરાત રાજ્ય સહકારી દૂધ વિતરણ સંઘ સંચાલિત યોજનાઓ-**

**વ્યંધત્વ નિવારણ યોજના** - પશુનું દૂધ ઉત્પાદન એ પશુની પ્રજનન ક્ષમતા પર આધારિત છે. સભાસદોને સીધા જ લાભના હેતુથી ગુજરાત સહકારી દૂધ વિતરણ સંઘ આણંદના સહયોગથી 2007 થી વ્યંજન તત્વ નિવારણ યોજના ની શરૂઆત કરવામાં આવેલ

હતી. આ યોજના દરમિયાન સભાસદોના પશુઓમાં વ્યંધત્વ નિવારણ માટે વર્ષમાં ચાર કેમ્પ ના આયોજન કરવાની હતી. મંડળી સ્તરે ગ્રામ્ય જાગૃતિ કાર્યક્રમ, સામૂહિક રસીકરણ, સામૂહિક ચરમ નાબુદી, મિનરલ મિક્સરનો મહત્તમ ઉપયોગ, કુત્રિમ વીર્યદાન વગેરે કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે. આ યોજનાથી વંધ્ય પશુઓ ગાભણ થતાં પશુપાલકોનું ઘણું આર્થિક કારણ ઘટતા દૂધ ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થયેલ છે.

**દૂધ ઉત્પાદકતા વૃદ્ધિ યોજના (પી. ઇ. પી.) -** પશુ વંધત્વની સાથે દૂધ ઉત્પાદનમાં પણ વૃદ્ધિ થાય તે માટે જરૂરી બાબતોને ધ્યાનમાં લઇ દૂધ ઉત્પાદકતા વૃદ્ધિ યોજના શરૂ કરવામાં આવેલ છે. જેનો મુખ્ય ઉદ્દેશ પશુની પ્રથમ વિયાણની ઉંમર તથા બે વિયાણ વચ્ચેના સમયગાળામાં ઘટાડો કરવાનો છે.

**પાડી/વાછરડી ઉછેર યોજના** - આ યોજના અંતર્ગત પશુઓના ઓનલાઈનના રેકોર્ડના આધારે જન્મેલ પાડી/વાછરડીના વૈજ્ઞાનિક ઉછેર થકી તેની પ્રથમ વિયાણની ઉંમરમાં ઘટાડો કરી તંદુરસ્ત દુધાળુ પશુ મેળવવા મંડળીઓમાં આ યોજના શરૂ કરવામાં આવેલ છે. યોજના હેઠળ નોંધાયેલ પાડી /વાછરડી ને જરૂરી માત્રામાં મિલ્ક રિપ્લેસર પાવડર તથા બચ્ચાદાણ રાહત દરે આપવામાં આવે છે.

**મસ્ટાઇટીસ નિયંત્રણ કાર્યક્રમ**- મસ્ટાઇટીસ રોગ બે પ્રકારે પશુમાં જોવા મળે છે બાહ્ય ચિન્હો ધરાવતા અને બાહ્ય ચિન્હો વગરના. આ રોગને કારણે પશુઓના દૂધ ઉત્પાદનમાં ઘટાડો થાય છે જેથી સભાસદોને થતા આર્થિક નુકસાન અટકાવવાના હેતુથી ગુજરાત મિલ્ક ફેડરેશન અને આણંદ ના સહયોગથી નિયંત્રણ કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ છે.

**શુદ્ધ નસલ સંવર્ધન** -આ કાર્યક્રમનો હેતુ આવનાર પાડી/વાછડીયોના ઓલાદ સુધારણા કરી દૂધ ઉત્પાદન વધારવાનો છે. આ યોજના અંતર્ગત ઉચ્ચ ગુણવત્તાવાળા પાડા/સાંઢ ના વીર્યડોઝની બહારથી ખરીદી કરી મંડળીઓમાં વિતરણ કરવામાં આવેલ જેથી સારી ઓલાદની વધુ દૂધ આપતી ગાયો અને ભેંસો તૈયાર કરી શકાય.

**ઓનલાઇન કુત્રિમ વીર્યદાન** - ટેકનોલોજીના યુગમાં પશુ સારવારની સેવા બાદ કૃત્રિમ વીર્યદાન સેવા ઓનલાઇન કરી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની કુત્રિમ સંબંધિત આંકડાની માહિતી મેળવવા, દૂધ મંડળી કક્ષાએ કુત્રિમ વીર્યદાન રજીસ્ટર નિભાવવાના, સમયને બચાવવાના અને સભાસદ કક્ષાએ પોતાના પશુ સંવર્ધનની માહિતી દરેક સભાસદને પોતાના મોબાઈલ પર સરળતાથી મળી રહે તે હેતુસર સંઘ દ્વારા સ્પેશિયલ વિઝીટ ની જેમ જ કુત્રિમ વીર્યદાન કરાવવા માટે ની ઓનલાઇન નોંધણી કરાવી કર્મચારીને સભાસદ પોતાના ઘર આંગણે બોલાવી વેતરમાં આવેલ પશુનો કૃત્રિમ બીજદાન કરાવવાનું શક્ય બનેલ છે.જેને લીધે કર્મચારીને કૃત્રિમ વીર્યદાન રજીસ્ટરો નિભાવવાના સમયનો બચાવ કરી વધુમાં વધુ સભાસદોને ઘર આંગણે સેવાનો લાભ આપવાનો શક્ય બનેલ છે.

**પશુ રોગ નિવારણ કાર્યક્રમ** - સામૂહિક ચરમનાબુદી અભિયાન - ચરમ એ પશુના શરીરમાં રહીને તેનું લોહી ચૂસીને પોષણ મેળવતા પરોપજીવીઓ છે. જે પશુના દૂધ ઉત્પાદન, પ્રજનન ક્ષમતા અને તંદુરસ્તી ઉપર ખૂબ જ માઠી અસર કરે છે. આ અભિયાન દ્વારા દૂધ મંડળીઓમાં ચરમ નાબૂદી થાય તે મુજબ આયોજન હાથ ધરવામાં આવેલ છે. સામૂહિક ચરમના બુદ્ધિ અભિયાન અંતર્ગત છ માસથી વધુ ઉંમરના પશુઓની ચરમ નાબુદી માટે ચરણની ગોળીનો વિતરણ કરવામાં આવેલ જેથી, બચ્ચાઓના સંપૂર્ણ શારીરિક વિકાસ અને મરણના પ્રમાણમાં ઘટાડો કરી શકાય.

રસીકરણ - પશુના મહત્તમ ઉત્પાદન અને પ્રજનન ક્ષમતા માટે તેનું સંપૂર્ણ સ્વસ્થ હોવું ખૂબ જ મહત્વનું છે. પશુને નિરોગી રાખવા માટે રસીકરણ પાયાની બાબત છે. રસીકરણ દ્વારા પશુઓને ખરવા-મોવાસા, ચેપી ગર્ભપાત, ગળસૂંઢો તથા શંકર ગાયોને કથીરિયા તાવ સામે રક્ષણ આપી સભાસદોને આર્થિક નુકસાનમાંથી બચાવી શકાય છે.

**દૂધ ઉત્પાદક સંઘ દ્વારા આપવામાં આવતી સેવાઓ -**

1. ઓછા ખર્ચે બીમાર પશુઓ માટે પશુ ચિકિત્સકની સેવા

2. વ્યાજબી ભાવે પૌષ્ટિક સમતોલ દાણ

3. કુત્રિમ બીજદાન ની સેવા

4. દર વર્ષે સભાસદોને બોનસ

5. સભાસદ જૂથ વીમા યોજના

6. પશુ વીમા યોજના

7. ગમાણ / પશુ કોડ સહાય યોજના

8. ઘાસ કાપવા સૂડા સહાય

9. પશુ માટે કુલિંગ સિસ્ટમ સહાય

10. વિના મૂલ્યે વંધ્યત્વ સારવાર કેમ્પ

11. વધુ દૂધાળ પશુ માલિકને ઇનામ યોજના

12. વધુ જથ્થામાં વધુ દૂધ વેચનારને ઈનામ

13. વિનામૂલ્યે રસીકરણ

14. દૂધ દોહન માટે યાંત્રિક મશીનોને સહાય

15. દર 10 દિવસે દૂધના નાણાં પુરા પાડવા

16. આપત્તિ સમયે પશુ માટે વિનામૂલ્યે દવા, દાણ, ઘાસચારો વગેરે પૂરા પાડવા

17 સભાસદોને પશુપાલન માટે સમયાંતરે તાલીમનો આયોજન કરવું.

ગ્રામ્ય સમાજમાં રહેલી સમસ્યાઓ અને મુશ્કેલીઓ સામે ટકવું ઓછી આવક ના પરિણામે ખેડૂતો પશુપાલકો અગવડતા ભર્યું જીવન જીવતા હતા. ડેરી ઉદ્યોગ વિકાસનો થતા પશુપાલકોના સામાજિક અને આર્થિક જીવનમાં પરિવર્તન આવ્યું છે.

સ્રોત - 1. ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ, આણંદ 2020 -21 વાર્ષિક અહેવાલ

2. દેસાઈ હસમુખ જી. 2008, ' સહકારી ડેરી ઉદ્યોગનો અર્થશાસ્ત્રીય અભ્યાસ' ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

3. ડેરી ઉદ્યોગ આણંદ કૃષિ યુનિવર્સિટી વર્ષ - 2018.

Certificate No.:0203202424


# MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH

## (MUCOJOR)-2583-9829 (On-line)

International Peer Reviewed and Refereed Journal


# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding this certificate to

**જ્યોત્સનાબેન એમ પટેલ**

In recognition of the publication of the paper entitled

**પશુપાલકોના આર્થિક વિકાસમાં  સહકારી ડેરી ઉદ્યોગ ની ભૂમિકા**

Published in Volume 02, Issue 03, June 2024.

**EDITOR IN CHIEF**